**Enrollment No:** ______________________ **Exam Seat No:**______________________

# C.U.SHAH UNIVERSITY
## Winter Examination-2021

**Subject Name: Accounting & Finance-VI**

**Subject Code: 4CO06AFI2** **Branch: B.Com (Gujarati)**

**Semester: 6** **Date: 25/10/2021** **Time: 02:30 To 05:30** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** પરત ખરીદી કયા પ્રકારના શેરની કરી શકાય? 1

(A) અંશત: ભરપાઇ થયેલા

(B) પૂર્ણ ભરપાઇ થયેલા

(C) અંશત: અથવા પૂર્ણભરપા ઇ થયેલા કોઇ પણ શેર

(D)કંપનીધારા મુજમુ બ શેરની પરત ખરીદી કરી શકાય નહી

**b)** અંશત: ભરપાઇ શેરને પૂરા ભરપાઇ કરવા માટે બૉનસ.... માંથીઆપી શકાય નહી 1

(A) સામાન્ય અનામતમાંથી (B) ડિવિડંડ સમતુલા ભંડોળમાંથી

(C)જામી નગીરી પ્રીમિયમમાંથી (D) ન.નુ.ખા તાની જમા બાકી માંથ

**c)** પરતંત્ર શાખામાં સ્વતંત્ર શાખાની સરખામણીએ સત્તાનું વિકેંદ્રીકરણ --- હોય છે? 1

(A) ઓછું (B) વધુ (C) સમાન (D) એક પણ નહી

**d)** . માર્ગસ્થ માલની હવાલા નોંધ કોના ચોપડે થતી નથી? 1

(A) મુખ્ય ઑફિસ (B) શાખાના ચોપડે (C) બન્નેના ચોપડે થાય છે (D) બન્નેના ચોપડે થતી નથી

**e)** બોનસ શેર નીચેના સાધનોમાંથી બહાર પાડી શકાશ? 1

(A) નફા -નુકસાન ખાતાની બાકીમાંથી (B) જામીનગીરી પ્રીમિયમ ખાતામાંથી

(C) મૂડી અનામતમાંથી (D) ઉપરના કોઇપણ ખાતામાંથી

**f)** માન્ય શેરબજાર પર નોંધાયેલ કંપનીઓએ કયા હિસાબી ધોરણ મુજબ શેરદીઠ કમાણી ગણવાની અને 1

બતાવવાની રહે છે?

(A) હિસાબી ધોરણ-19 (B) હિસાબી ધોરણ-21 (C) હિસાબી ધોરણ-22 (D) હિસાબી ધોરણ-20

**g)** વાજબી કિંમતથી ઓછી કિંમતે શેરનું રૂપાંતર કરવામાં આવે ત્યારે ........ ઉદભવે છે. 1

(A) સંભવિત ઇક્વિટિ શેર (B) મંદકર્તાશેર (C) બિનમંદકર્તા શેર (D) બોનસ શેર

**h)** . શાખાએ ચૂકવેલ પરચૂરણ ખર્ચની રકમ શોધવા માટે ............. ખાતું બનાવવું પડે છે. 1

(A) દેવાદારોનું ખાતું (B) લેણદારોનું ખાતુ (C) પેટા રોકડ ખાતું (D) કમ્પ્યુટરનું ખાતું

**i)** શેરદીઠ કમાણી............ ગુણોત્તર છે. 1

(A) સધ્ધરતાનો (B) નાણાકીય (C) નફા કારકતાનો (D) તરલતાનો

**j)** કઈ તારીખથી હિસાબી ધોરણ-૨૦ અમલમાં આવ્યું છે? 1

(A) 1-4-1999 થી (B) 1-4-2000 થી (C) 1-4-2001 થી (D) 1-4-2002 થી

**k)** જ્યારે સતાવાર મૂડીમાં વધારો કરવામાં આવે ત્યારે .............. 1

(A) શેરમૂડી ખાતું ઉધારાય છે. (B) શેરમૂડી ખાતું જમા કરવામાં આવે છે.

(C) કોઇ નોંધ થતી નથી (D) બેન્ક ખાતું ઉધારાય છે.

**l)** બે બોનસ શેર વચ્ચેનો સમયગાળો ઓછામાં ઓછો........... હોવો જોઇએ? 1

(A) ૧૨ માસનો (B) ૨૪ માસનો (C) ૩૬ માસનો (D) ઉપરમાથી કોઇ પણ નહિ.

**m)** ઈલેક્ટ્રીસિટી કંપનીના પાકા સરવૈયામાં જામીનગીરી પ્રીમિયમ.......... મથાળા હેઠળ દર્શાવવામાં આવે છે. 1

(A) શેરહોલ્ડરોનાં ભંડોળો (B) બિનચાલુદેવાં (C) ચાલુ દેવાં (D) શેરમૂડી

**n)** ઈલેક્ટ્રીસિટી કંપની માટે નીચે દર્શાવેલ બાબતો પૈકી કઈ બાબત “આકસ્મિક જવાબદારી” ગણાશે? 1

(A) સૂચિત ડિવિડન્ડ (B) ક્યુ. પ્રેફ.શેર પર નહીં ચૂકવાયેલ ડિવિડન્ડ

(C) નહીં મંગાવાયેલ ડિવિડન્ડ (D) કરવેરાની જોગવાઇ

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(A)** સેબીના નિયમનોમાં બાય-બેક કરવા માટે કઇ કઇ પદ્ધતિઓ જણાવવામાં આવી છે? 7

**(B)** હકના શેર એટલે શું ? હકના શેર બહાર પાડવાની કાર્યવાહી લખો 7

**Q-3** **(14)**

ગુજરાત પેઢી ની એક શાખા સુરેન્દ્રનગરમાં છે. શાખાને વેચવા માટે મુખ્ય ઑફિસ તરફથી મૂળ કિમતે માલ મોકલી આપવામાં આવે છે. શાખા ફક્ત રોકડથી માલનું વેચાણ કરે છે અને કરી ઊપજેલ રકમ દરરોજ મુખ્યય ઑફિસને મોકલી આપે છે. શાખાના બધા જ ખર્ચા મુખ્યય ઑફિસેથી ચૂકવાય છે. પરચૂરણ ખર્ચ

માટે  મુખ્ય ઑફિસ શાખાને પેટા રોકડ આપે છે.

તા.૩૧-૩-૨૦૨૦ ના રોજ પૂરા થતા વર્ષના શાખાના વ્યવહારો નીચે  મુજબ હતા:

| | | |
|---|---|---|
| | | રૂ. |
| તા. ૧-૪-૨૦૧૯ ના રોજનો માલનો સ્ટૉક | | 6,000 |
| તા. ૧-૪-૨૦૧૯ ના રોજની પેટા રોકડ | | 100 |
| વર્ષ દરમિયાન મુખ્ય ઓફિસેથી મળેલ માલ | | 1,37,800 |
| મુખ્ય ઑફિસનેપરત કરેલ માલ | | 12,000 |
| મુખ્ય ઑફિસ પાસેથી મળેલ પેટા રોકડ | | 1,000 |
| વર્ષદરમિયાન મુખ્ય ઑફિસે ચૂકવેલ ખર્ચ: | રૂ. | |
| મજૂરી | 200 | |
| પગાર | 4,200 | |
| ભાડું અનેવેરા | 900 | 5,300 |
| પરચૂરણ ખર્ચ | | 700 |
| વેચાણ | | 1,50,000 |

તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ શાખાનો માલનો સ્ટૉક 18,000

તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ પેટા રોકડ 200

મુખ્ય ઑફિસના ચોપડે સુરેન્દ્રનગર શાખાનુ  ખાતુ તૈયાર કરો.

**Q-4** **Attempt all questions** **(14)**

**(A)** વ્યાજ અને કરવેરા પહેલાનો નફો (EBIT) રૂ ૨૫,૦૦૦ 04

| | |
|---|---|
| વ્યાજ અને કરવેરા પહેલાનો નફો (EBIT) | રૂ ૨૫,૦૦૦ |
| ઇ.શેરની સંખ્યા | ૧,૦૦૦ |
| 8%ના ડિબેંચર | રૂ.૧,૦૦,૦૦૦ |
| 10%ના પ્રેફ.શેર | રૂ.૫૦,૦૦૦ |
| કરવેરનો દર | ૫૦% |

શેરદીઠ કમાણી શોધો.

**(B)** નીચેના  વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો : 10

1. એક કંપનીની પોતાની સત્તાવાર મૂડી રૂ.  100નો એક એવા  3,000 શેરમાં વહેચાયેલી હતી, તેમાં વધારો કરી તે રૂ. 4,50,000 ની કરે છે.

2. કંપનીએ 3,000 ઇક્વિટી શેર રૂ. 100નો એક એવાનુ ઇક્વિટી સ્ટોકમાં રૂપાંતર કરવાનુ નક્કી કર્યું

(અ) દરેક શેર રૂ. 103 ના ભાવે (બ) દરેક શેર રૂ.96 ના ભાવ

3. એક કંપનીની શેરમડ્ડી રૂ. 10નો એક એવા 30,000 પૂરેપૂરા ભરપાઇ થ યેલા ઇકવિટી શેર માં વહેચાયેલી હતી. કંપનીએ તેના રૂ. 10નો એક એવા 10 શેરના બદલામાં રૂ. 97 નો સ્ટોક આપીને , સ્ટોકમાં રૂપાંતર કરવાનુ નક્કી કર્યું

**Q-5** **Attempt all questions** **(14)**

**(A)** શાખાના હિસાબો રાખવાના ઉદ્દેશો જણાવો 7

**(B)** પરતંત્ર શાખાના લક્ષણો જણાવો 7

**Q-6** **Attempt all questions** **(14)**

**(A)** ઇલેક્ટ્રિક કંપનીના પાકા સરવૈયાનો નમૂનો તૈયાર કરો. 7

**(B)** 2013, કંપનીધારાની જોગવાઇઓ મુજબ વીજળી કંપનીના વાર્ષિક હિસાબોમાં નીચેની રકમ ક્યાં દર્શાવશો? 7

1) ડિબેંચરનું વ્યાજ

2) રોકાણોનું વ્યાજ

3) સર્વિસ જોડાણ ખર્ચ

4) ઘસારા ફંડ

5) બોન્ડ્સ અને ગીરો લોન

**Q-7** **Attempt all questions** **(14)**

**(A)** શેરમૂડીમાં ફેરફાર કરવાની રીતો જણાવો 7

**(B)** ટૂંકનોંધ લખો : બોનસ શેર 7

**Q-8** **Attempt all questions** **(14)**

**(A)** ટૂંકનોંધ લખો – પોતાના શેર પાછા ખરીદવા 7

**(B)** મૂળભૂત શેરદીઠ કમાણી અને મંદ થયેલ શેરદીઠ કમાણી નો અર્થ સમજાવી આ બન્ને વચ્ચેનો તફાવત સમજાવો 7